# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/397 Dt. 11/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ઉદ્યોગ સાહસિકોને ટેક્નિકલ ટેક્ષ્ટાઇલ્સ, એમએમએફ અને સ્પોર્ટટેક ક્ષેત્રમાં સુરત માટે રહેલી નવી તકો વિષે માર્ગદર્શન અપાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ભારત સરકારના ટેક્ષ્ટાઇલ મંત્રાલય, ઓફિસ ઓફ ધ ટેક્ષ્ટાઇલ કમિશનર, ITADC, સુરત તથા કોન્સેપ્ટ્સ એન સ્ટ્રેટેજિસના સહયોગથી ગુરૂવાર, તા. ૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ વાગ્યે સમૃદ્ધિ, નાનપુરા ખાતે સુરત માટે ટેક્નિકલ ટેક્ષ્ટાઇલ્સ, એમએમએફ, સ્પોર્ટટેક અને એક્ટિવવેર ક્ષેત્રમાં રહેલી તકો વિષે સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિષ્ણાંત વક્તાઓએ ઉદ્યોગકારોને ટેક્નિકલ ટેક્ષ્ટાઇલ્સ, એમએમએફ અને સ્પોર્ટટેક જેવા ક્ષેત્રોમાં નવી તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ માટે ટેક્નિકલ ટેક્ષ્ટાઇલ્સ અને સ્પોર્ટટેક જેવા નવા ક્ષેત્રોમાં ઊભી થતી તકો વિશે માહિતી આપી હતી અને ઉદ્યોગકારોને આ ક્ષેત્રમાં આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા.

ITADC, સુરતના અસિસ્ટન્ટ ડિરેક્ટર અને ઓફિસર ઇન્ચાર્જ શ્રી નિલય પંડયા દ્વારા કાર્યક્રમની માહિતી આપવામાં આવી હતી. તેમણે ટેક્નિકલ ટેક્ષ્ટાઇલ્સ અને એમએમએફ (મેન મેડ ફાયબર) ક્ષેત્રમાં સરકાર દ્વારા આપવામાં આવતી વિવિધ યોજનાઓ, સહાય અને નીતિઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

નિષ્ણાંત વકતા તરીકે કોન્સેપ્ટ્સ એન સ્ટ્રેટેજિસના એન્કર ફાઉન્ડર શ્રી કિશન કુમાર ડાગા દ્વારા ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સ અને સ્પોર્ટટેક ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે ઉભી થતી તકો અને સુરત માટે તેની શકયતાઓ વિષે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે ખાસ કરીને એકિટવવેર ક્ષેત્રમાં વધતી માંગ, નવી ટેકનોલોજી અને માર્કેટ ટ્રેન્ડ્સ અંગે ઉદ્યોગકારોને માહિતગાર કર્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે, ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સ અને સ્પોર્ટટેક ક્ષેત્ર ભવિષ્યમાં અત્યંત ઝડપથી વિકાસ પામનાર સેકટર તરીકે ઉભરી રહ્યા છે અને તેમાં સુરતના ઉદ્યોગકારો માટે વિશાળ તકો ઉપલબ્ધ છે. ખાસ કરીને ઈનોવેશન, ગુણવત્તા અને વૈશ્વિક ધોરણોને અનુસરવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પર્ધાત્મક સ્થાન પ્રાપ્ત કરી શકાય છે. તેમણે ઉદ્યોગકારોને રિસર્ચ અને ડેવલપમેન્ટ પર ભાર મૂકવા, આધુનિક મશીનરી અપનાવવા અને સ્કિલ ડેવલપમેન્ટ તરફ ધ્યાન આપવા અનુરોધ કર્યો હતો.

નિષ્ણાંત વકતા તરીકે કોન્સેપ્ટ્સ એન સ્ટ્રેટેજિસની સિનિયર કન્સલ્ટન્ટ સુશ્રી અંબિકા કુમારી દ્વારા ઉદ્યોગકારોને ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સ ક્ષેત્રમાં પ્રવેશ કરવા માટે જરૂરી વ્યૂહરચના, બજાર અભ્યાસ અને પ્રોડક્ટ ડેવલપમેન્ટ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સાથે તેમણે સરકારની વિવિધ સહાય યોજનાઓ, એક્ષ્પોર્ટ પ્રોત્સાહન અને કલસ્ટર ડેવલપમેન્ટ પહેલોનો લાભ લઈ ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સ ક્ષેત્રમાં મજબૂત સ્થાન બનાવવા માટે પ્રેરણા આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે, યોગ્ય વ્યૂહરચના અને બજાર સમજ સાથે સુરત આ ક્ષેત્રમાં દેશ–વિદેશમાં આગેવાની લઈ શકે તેમ છે.

ચેમ્બરના જીએફઆરઆરસીના કો–ચેરમેન શ્રી અમરીષ ભટ્ટે કાર્યક્રમનું સંચાલન કરી કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સ કમિટીના ચેરમેન શ્રી પરેશ ઠુંમરે વકતાઓનો પરિચય આપ્યો હતો. આ સેશનમાં ઉદ્યોગકારો તથા ટેક્ષ્ટાઇલ્સ ક્ષેત્રના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.